# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૨૦/૦૬/૨૦૨૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૩૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૬ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ બિયર ટીન અને ૦૧ ઈકો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૨૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૮૩૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૮૩૭/૨૦૨૫**

**વટવા જીઆઇડીસીઃ–** નીરવભાઇ વીનુભાઇ પરીખ (ઉ.વ.૫૯)(રહે.હરમીટિજ વીલા ઇસ્કોન આંબલી રોડ, મોહમદપૂરા) એ તા.૧૯/૦૬/૨૦૨૫ ના રોજ વટવા જીઆઇડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૫ સાંજના ૬/૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન વટવા જીઆઇડીસી ફેઝ–૩, ત્રીકમપુરા પાટીયા, કર્ણાવતી એસ્ટેટમા પ્લોટ નંબર–એ/૨૯.૩૦ "ઓટોમેટ કંટ્રોલ્સ" નામની કંપનીના શટરનું તાળૂ તોડી, અજાણી વ્યક્તિ કંપનીમાં પ્રવેશ કરી, કોપરની અલગ–અલગ સાઇઝની કોયલ નંગ–૭ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૩૮/૨૦૨૫**

**નારોલઃ–** નીકુંજ રાજેશભાઇ રાજન (ઉ.વ.૨૨)(રહે.ઉમંગ ફ્લેટ, રશ્મીવીહાર ફ્લેટ સામે, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૬/૨૦૨૫ રાતના ૯/૦૦ વાગ્યા ના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી